લક્ષ્મી વિકાસ બેંક લિમિટેડની સાથે ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડનું વિલિનીકરણ

અમદાવાદઃ અમે લક્ષ્મી વિકાસ બેંક લિમિટેડ (એલવીબી)ની સાથે ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ અને ઈન્ડિયાબુલ્સ કમર્શિયલ ક્રેડિટ લિમિટેડનાં પ્રસ્તાવિત વિલિનીકરણ પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનાં નિર્ણયને સ્વીકારીએ છીએ. આ તાજેતરમાં ઊભી થયેલી અનિશ્ચિતતાને દૂર કરશે તથા બેંક તમામ લાગુ કાયદાઓ અને નિયમનોનું પાલન કરીને મંજૂર પદ્ધતિઓ મુજબ મૂડીભંડોળ ઊભી કરવાની કામગીરી જાળવી રાખશે.

નવ દાયકાઓની કામગીરીની પરંપરા, મજબૂત/વફાદાર ગ્રાહકોનાં આધાર તેમજ લગભગ રૂ. ૨૬,૦૦૦ કરોડની ડિપોઝિટ સાથે બેંકે ત્રણ પેઢીઓનાં ગ્રાહકોને સફળતાપૂર્વક સેવા આપી છે. જ્યારે અમે અમારાં ક્લાયન્ટને અમારી શ્રેષ્ઠ સેવાઓ સુનિશ્ચિત કરીએ છીએ, ત્યારે અમે અમારાં હિતધારકોની વૃદ્ધિ માટે અને તેમનાં મૂલ્યનું સર્જન કરવા કટિબદ્ધ છીએ.

અમે વર્ષ ૧૯૨૬માં અમારી સફર શરૂ કરી હતી. બેંક તેજી અને મંદીનાં ચક્રો સાથે વ્યવસાયનાં ઘણાં ચક્રો જોયા છે. એલવીબી હંમેશા મજબૂત થઈ છે. એલવીબીએ ૧૯૮૦નાં દાયકામાં ગ્રાહકને ઝડપથી, ગુણવત્તાયુક્ત સેવા પ્રદાન કરવા માટે ટેકનોલોજીનો સ્વીકાર કર્યો હતો.

જ્યારે એલવીબીએ ૧૯૬૧થી ૧૯૬૫ વચ્ચે એની શાખાઓનું નોંધપાત્ર વિસ્તરણ કર્યું હતું, ત્યારે અમે નવ અન્ય બેંકોનું એક્વિઝિશન કર્યું છે. વર્ષ ૧૯૭૪માં અમે તમિલનાડુની બહાર શાખાનું વિસ્તરણ કરવાની કામગીરી શરૂ કરી હતી અને અત્યારે અમે દેશભરમાં ૭ સીબીબી અને ૧૦૪૫ એટીએમ સહિત ૫૭૧ શાખાઓ ધરાવીએ છીએ તેમજ દરરોજ વૃદ્ધિ માટે કામ કરીશું. (૧)

મહેસાણા-અમદાવાદ હાઈવે પર ગોઝારો અકસ્માતઃ એકનું મોત, ૧૩ ઈજાગ્રસ્ત

મહેસાણાઃ મહેસાણા અમદાવાદ હાઈવે ઉપર ગોઝારો અકસ્માત થયો હતો જેમાં બે કાર સામ સામે અથડાઈ હતી એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયુ હતુ જ્યારે ૧૩ જણા ગંભીર રીતે ઘાયલ થતા તુરંત જ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મહેસાણા અમદાવાદ હાઈવે પાસે મંડાલી ગામ નજીક બે કાર અથડાઈ હતી જેમાં બંને કારમાં સવાર લોકોને ભારે ઈજાઓ પહોંચી છે. અકસ્માત એકનું મોત, ૧૩ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પૂરઝડપે આવી રહેલી બે કારની ટક્કર થઈ હતી. બે કાર અથડાતા મુસાફરો રસ્તા પર ફેંકાયા હતા. ઈજાગ્રસ્ત મુસાફરોને સારવાર માટે પાસેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ સહિતનો બચાવ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને યુધ્ધના ધોરણે ઘાયલોને સારવાર માટે સ્થાનિકો સહિના લોકો મદદે દોડી આવ્યા હતા.

દશેરાના દિવસે આરટીઓ કચેરીની તમામ કામગીરી બંધ રહેશે

ગાંધીનગરઃ જો તમારે આર.ટી.ઓ કે એ.આર.ટી.ઓ. કચેરીમાં કામ હોય તો દશેરાના દિવસે એટલે કે ૮ ઑક્ટોબરના રોજ જતા નહીં. નહીંતર તમને ધક્કો પડશે. કારણ કે આ દિવસે જાહેર રજા હોવાથી બધી જ કામગીરી બંધ રહશે.

એક યાદીમાં જણાવ્યું છે કે ૮/૧૦/૨૦૧૯ના રોજ દશેરાના તહેવાર નિમિત્તે આરટીઓ/એઆરટીઓ કચેરીઓ તમામ કામગીરી માટે બંધ રહેશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા વાહન વ્યવહાર મંત્રી આર.સી.ફળદુની સૂચનાનુસાર નાગરિકોનો હિતમાં શનિવાર-રવિવાર સહિતની આગામી તમામ જાહેર રજાઓમાં ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે હવે દશેરા તહેવાર નિમિત્તે જાહેર રજાનો રાખવાનો નિર્ણય કરાયો છે.

બીજી તરફ સરકારે પીયુસી, હેલ્મેટ અંગે મહત્વનો નિર્ણય લઈ તેની સમય મર્યાદામાં વધારો કર્યો છે. આ સમય મર્યાદા વધારીને ૩૦ ઑક્ટોબર સુધી કરવામાં આવી છે. એચએસઆરપી નંબર પ્લેટની મુદત પણ વધારવામાં આવી છે. તહેવારોને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર વિભાગે નિર્ણય લીધો છે.

મયંકર અગ્રવાલ માટે વર્ષ પછી અભિપ્રાય આપીશઃ ગાંગુલી

કોલકાત્તાઃ મયંક અગરવાલે અત્યાર સુધીમાં તેણે રમેલી થોડી ટેસ્ટ મેચમાં ટોચના ક્રમે બેટિંગ કરી પ્રભાવ પાડ્યો છે, પણ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી કહે છે કે પ્રથમ પસંદગીના ઓપનિંગ બેટ્સમેન તરીકે તેને કહેવા પહેલા પોતે રાહ દેખી તેને નિહાળશે.

આપણે બહુ વહેલા ખેલાડીઓ માટે અભિપ્રાય બાંધી લેતા હોય છે અને ફક્ત એક સદીના બળે કોઈ પ્રથમ પસંદગીનો ઓપનર તરીકે કહી શકાતો નથી, કારણ કે એકાદ-બે નિષ્ફળતા પછી અભિપ્રાય બદલાતો હોય છે, એમ ગાંગુલીએ કહ્યું હતું.

ગાંગુલીએ કહ્યું હતું કે કોઈપણ યુવાન ખેલાડી સારો દેખાવ કરતો હોય તે ભારતીય ક્રિકેટ માટે સારી વાત છે અને અગરવાલને હજી એકાદ વર્ષ રમ્યા પછી તેની કાબેલિયત માટે અભિપ્રાય બાંધી શકાશે.

વિકાસ ગાંડો થયોઃ રાજકોટમાં વરસતા વરસાદમાં રોડ બનાવવાનો વીડિયો વાયરલ

રાજકોટઃ આ વખતે સૌરાષ્ટ્ર સહિત રાજ્યમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ ખાબક્યો છે ત્યારે દરેક જગ્યાએ રસ્તાઓમાં મોટા મોટા ખાડા પડી ગયા છે. જેના કારણે ઘણાં જ અકસ્માતો પણ થઈ રહ્યાં છે. હાલ રાજકોટમાં વરસાદમાં રોડ બનાવવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેના કારણે લોકોમાં ઘણો જ રોષ જોવા મળી રહ્યો છે. હાલ રાજકોટમાં વરસાદમાં રોડ બનાવવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

મળતી માહિતી પ્રમાણે રાજકોટનાં કેવડાવાડી મેઈન રોડ પર વરસાદ સમયે ડામર કામ શરૂ કર્યું હતું. દિવાળી પહેલા શહેરનાં રસ્તાઓ રિપેર કરવાની જાહેરાત બાદ મનપાએ શહેરમાં પેચવર્કના કામ શરૂ કર્યા છે. રસ્તાનાં સમારકામની કામગીરી દરમિયાન જ ભારે વરસાદ ચાલુ થયો હતો આમ છતાં કોન્ટ્રાક્ટરે કામ બંધ કરવાના બદલે ચાલુ જ રાખ્યું હતું. આ અંગે કમિશનરે માહિતી મળતા તરત જ તપાસ કરવા આદેશ કર્યો હતો અને વિજિલન્સ શાખાની ટીમને દોડાવી રિપોર્ટ આપવા કહ્યું છે.

રસ્તાઓ વરસાદ એટલે પાણીને કારણે જ ધોવાઈ જાય છે ત્યારે વરસતા વરસાદમાં ડામર પાથરીને રસ્તાનું સમારકામ માત્ર કામ પુરૂ કરવા માટે જ કરાતુ હશે. વરસતા વરસાદમાં ડામર કામ ચાલુ રાખતા સ્થાનિકે વીડિયો ઉતારી કોંગ્રેસનાં આગેવાનોને જાણ કરી હતી. કોંગી આગેવાન ગજેન્દ્રસિંહ ઝાલાએ આ અંગે કમિશનરને રજૂઆત કરી હતી. કમિશનર ઉદિત અગ્રવાલે રજૂઆત બાદ તપાસ કરાવી તરત કામગીરી બંધ કરવા સૂચના આપી હતી. મળતી માહિતી પ્રમાણે રાજકોટનાં કેવડાવાડી મેઈન રોડ પર વરસાદ સમયે ડામર કામ શરૂ કર્યું હતું. દિવાળી પહેલા શહેરનાં રસ્તાઓ રિપેર કરવાની જાહેરાત બાદ મનપાએ શહેરમાં પેચવર્કના કામ શરૂ કર્યા છે.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

ભાજપ-બજરંગ દળના લોકો પૈસા લઈને આઈએસઆઈ માટે જાસૂસી કરે છે

ભાજપના નેતાઓએ જણાવવું જોઈએ કે ગોડ્સે દેશભક્ત હતો કે નહીં : દિગ્વિજય

હું ગાંધીવાદી છું, એટલા માટે કુશાભાઉ અને વિજયરાજે સિંધિયાના કહેવાથી જનસંઘમાં જોડાયો નહિ

ભોપાલઃ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે નામ લીધા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે ભાજપના લોકો(મોદી અને શાહ) એ સ્પષ્ટ કરવું જોઈએ કે રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીની હત્યા કરનાર નાથુરામ ગોડસે દેશભક્ત હતા કે નહિ?

દિગ્વિજયે કહ્યું કે ભાજપના નેતાઓ ગાંધીની જે વિચારધારાની વાત કરે છે, તે સત્યતાથી બિલકુલ પર છે. ભાજપ નેતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી પર સંકલ્પ યાત્રા વિશે વાત કરે છે. તેમણે દેશને ગોડસેની રાષ્ટ્રભક્તિ વિશે પણ જણાવવું જોઈએ.

દિગ્વિજયે ખુલાસો કર્યો કે રાષ્ટ્રીય સ્વયસંવેક સંઘ(આરએસએસ)ના વિચારક કુશાભાઉ ઠાકરે અને રાજમાતા વિજયરાજે સિંધિયાએ મને ૧૯૭૦-૭૧માં જન સંઘમાં સામેલ થવા માટે કહ્યું હતું. જોકે મેં તેમનો આ પ્રસ્તાવ ઠુકરાવી દીધો હતો, કારણ કે હું મહાત્મા ગાંધીને માનું છું.

દિગ્વિજય સિંહે ભારતીય જનતા પાર્ટી અને બજરંગ દળ પર નિશાન સાધતા પાકિસ્તાન જાસૂસી એજન્સી આઈએસઆઈ માટે જાસૂસી કરવા પર મોટો આરોપ લગાવ્યો છે. સિંહે કહ્યું કે, ભાજપ અને બજરંગ દળના લોકો પૈસા લઈને આઈએસઆઈ માટે જાસૂસી કરતા રહ્યા છે.

કોંગ્રેસની જે હાલત છે તેના માટે દિગ્વિજયસિંહ જેવા નેતાઓ જવાબદારઃ ભાજપ

અમદાવાદઃ કોંગ્રેસ નેતા દિગ્વિજયસિંહે સંઘ અને ભાજપ પર કરેલા પ્રહાર બાદ ભાજપે વળતો જવાબ આપ્યો છે. કેન્દ્રીય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ જણાવ્યુ કે, દિગ્વિજયસિંહ વિવાદિત નિવેદન આપી રહ્યા છે. કોંગ્રેસની આજે જે હાલત થઈ છે તેની પાછળ દિગ્વિજયસિંહ જેવા નેતાઓ છે. કેન્દ્રીય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ જણાવ્યુ કે, દિગ્વિજયસિંહ વિવાદિત નિવેદન આપી રહ્યા છે. કોંગ્રેસની આજે જે હાલત થઈ છે તેની પાછળ દિગ્વિજયસિંહ જેવા નેતાઓ છે.

મુખ્યમંત્રી દશેરાએ રાજકોટમાં ૨૦૦ કરોડના કામોનું ખાતમૂહૂર્ત-લોકાર્પણ કરશે

રાજકોટઃ મુખ્યપ્રધાન વિજય રૂપાણી દશેરાના દિવસે રાજકોટનો પ્રવાસ કરશે. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલીકા અને રૂડાના અંદાજીત રૂ.૨૨૩.૬૨ કરોડના વિકાસના કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. રાજકોટમાં મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીના હસ્તે ૨૦૦ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી આવાસ યોજનાનો ડ્રો, ભૂગર્ભ ગટરનું લોકાર્પણ, એલ.ઈ.ડી સેન્ટ્રલ લાઈટિંગ સહિતના અનેક કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. જેથી રાજકોટ તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમ અગામી ૮ તારીખના રોજ સવારે ૧૦ કલાકે યોજાનાર છે.

કોંગ્રેસમાં કકળાટઃ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના રાજીનામાની માંગ

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં ચાલતો આંતરિક ડખો હવે સપાટી પર આવી ગયો છે..અને સોશિયલ મીડિયામાં ગુંજી રહ્યો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના રાજીનામાની માંગ સાથેના મેસેજ વાયરલ થયા છે. અમિત ચાવડા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તરીકેનો વિશ્વાસ ખોઈ બેઠા હોવાનો મેસેજ પણ વાયરલ બન્યો છે.

ગુજરાત કોંગ્રેસમાં અમિત ચાવડાની કાર્યશૈલી ઉપર સવાલો ઉભા થયાનો આક્ષેપ લાગ્યો છે. પેટા ચૂંટણીમાં નુકશાન ન થાય તે પહેલા અમિત ચાવડા પ્રમુખ પદેથી રાજીનામું આપે તેવી પણ માંગ કરવામાં આવી છે. તેઓએ તાલુકા કક્ષાના પોતાના માણસોને પ્રદેશમાં મહામંત્રી બનાવ્યાનો આક્ષેપ થઈ રહ્યો છે.

દલાલો અને રૂપિયા આપીને કેટલાક લોકોને હોદ્દાઓ અપાયા હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. ઉલ્લેખનિય છે કે, ગુજરાત કોંગ્રેસના એડિટોરિયાલ બોર્ડના સભ્યએ જયેશ ગેડિયાએ અમિત ચાવડાના રાજીનામાની માગ કરી છે.

ગેઝેટ્સ બગાડી રહ્યા છે બાળકોનું ભવિષ્ય



અમદાવાદઃ સોશ્યલ મીડિયા અને તેની સાથે જોડાયેલાં ગેઝેટ્સ હવે ઔપચારિક શિક્ષણની સાથે સાથે અનૌપચારિક શિક્ષણના માળખામાં પણ દખલ કરી રહ્યાં છે. આ વાત હાલના જ બે સર્વેથી ખબર પડી છે. પહેલો સર્વે બ્રિટનના હાર્ટ ઓફ ઈંગ્લેન્ડ ફાઉન્ડેશનનો છે. આ સર્વેમાં કહેવાયું છે કે ટચસ્ક્રીન ફોન અને ટેબ્લેટના વધુ પડતા ઉપયોગથી બાળકોની આંગળીઓની માંસપેશીઓનો યોગ્ય રીતે વિકાસ નથી થઈ શકતો. એવાં બાળકોને હવે પેન અને પેન્સિલ પકડવામાં પણ સમસ્યા આવવા લાગી છે, જેનાથી તે મોડેથી લખવાનું શીખી રહ્યાં છે. બીજો સર્વે ભારતની જ એક ખાનગી મોબાઈલ કંપનીએ કરાવ્યો છે, જેમાં ખુલાસો થયો છે કે આપણે ત્યાં ૩૦ ટકાથી પણ વધારે બાળકો રોજના છ કલાકથી પણ વધુ સમય મોબાઈલ સ્ક્રીન પર વિતાવે છે.

મનોવૈજ્ઞાનિકોનું મંતવ્ય છે કે બાળકોનું વધુ સમય ગેઝેટ્સ સાથે વિતાવવાનું નુક્સાન એ છે કે તેમનામાં ચીડિયાપણું અને ભૂખ તથા ઊંઘની ઉણપ સતત જોવા મળી રહી છે. તેની સાથે જોડાયેલ એક સર્વે એસોચેમનો છે, જેનો સાર એ છે કે આજે ભારતમાં આઠથી તેર વર્ષની ઉંમરનાં ૭૩ ટકા બાળકો ફેસબુકનો ઉપયોગ કરી રહ્યાં છે. આશ્ચર્યની વાત એ છે કે આ ઉંમર-વર્ગના ૭૫ ટકા બાળકોના મા-બાપે પોતે જ તેની જાણકારી આપી. તેનાથી પણ વધુ આશ્ચર્યની વાત એ છે કે ૮૨ ટકા મા-બાપે પોતાના બાળકોને એકાઉન્ટ બનાવવામાં જાતે જ ઘણી મદદ કરી! સોશ્યલ મીડિયાની આભાસી દુનિયાએ સામાજિક સંબંધોને પ્રભાવિત કરવાનું શરૂ કરી દીધું છે. મુંબઈમાં તો બાળકોની સોશ્યલ મીડિયાની લત છોડાવવા માટે ક્લીનિકની પણ શરૂઆત થઈ છે, જેનું કામ સતત વધતું જાય છે. સોશ્યલ મીડિયા સાઈટ્સનો ઉપયોગ કરવા મામલે ભારત આજે એશિયામાં ત્રીજો અને વિશ્વમાં ચોથા નંબરનો દેશ બની ચૂક્યો છે. ઈન્ટરનેટ પ્રયોગ કરનારી ૮૫ ટકા આબાદી અહી ૮ થી ૪૦ ઉંમર-વર્ગની વચ્ચેની છે. આ એ વર્ગ છે, જે નેટ સર્ચ, ઈ-મેલ, ફેસબુક, ટ્વિટ અને લિંક્ડઈન દ્વારા એક તરફ આખી દુનિયા સાથે જોડાઈ રહ્યો છે તો બીજી તરફ સમાજના વાસ્તવિક સંબંધોથી તે ધીમે ધીમે કપાવાનો ખતરો પેદા થઈ રહ્યો છે. પરંતુ અન્ય ઉંમર વર્ગની સરખામણીએ સૌથી વધારે ચિંતા આ સમયે બાળકોની છે. દાદા-દાદી, નાના-નાનીના ખોળામાં બેસીને વાર્તા સાંભળનારું બાળપણ હવે ડિજિટલ દુનિયાના આભાસી સમાજના ગેઝેટ્સની સાથે વિકસિત થઈ રહ્યું છે. રમકડાં રમવાના સમયે નાના બાળકોમાં હવે આઈપેડ અને મોબાઈલ પકડાવી દેવામાં આવ્યા છે. તેનાથી બાળકોને બેવડું નુક્સાન થયું છે. તેનાથી એક એવી પેઢી તૈયાર થઈ રહી છે, જેને શીખવાની રીત તો અલગ જ છે, તેના સામાજિક મૂલ્ય પણ અલગ રીતે આકાર લઈ રહ્યા છે. સમાજશાસ્ત્ર દર્શાવે છે કે પેઢીઓ દ્વારા પ્રત્યક્ષ રૂપે બાળકોમાં જેટલું વધારે સામાજિક-સાંસ્કૃતિક રોકાણ કરવામાં આશે, બાળકોનું જીવન એટલું જ સુરક્ષિત, સફળ અને સમૃદ્ધ બનશે. દૈહિક સામાજિકરણનો અભાવ અને સોશ્યલ મીડિયા, કમ્પ્યૂટર અને ઈન્ટરનેટના યાંત્રિક સંવાદોની પ્રચુરતાએ બાળકોના બાળપણને દ્વંદ્વાત્મક બનાવવામાં કોઈ કસર નથી છોડી. સોશ્યલ મીડિયામાં દબાણને કારણે બાળકોની આ પેઢીમાં જીવનમાં લ-ય પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા તો વધી છે, પરંતુ ધૈર્ય અને સંયમ-શૂન્ય થઈ જવાથી તેમનામાં નિરાશાના ભાવ ઝડપથી ઘર કરી રહ્યા છે.

એટલું જ નહી, ગેઝેટ્સે તેમના જ્ઞાનાત્મક વિવેકને પણ શૂન્ય કરી દીધો છે. પરંતુ એ પણ સત્ય છે કે ડિજિટલ સંસારથી આવનારી ધારાઓથી બચાવ મુશ્કેલ તો છે જ, સાથે સાથે તેની કોશિશ બાળકોને બાકી દુનિયાથી પાછળ કરી શકે છે. એટલા માટે કે બદલાતા દોરમાં જ્ઞાન-વિજ્ઞાન સાથે જોડાવાનો રસ્તો પણે જ છે. છતાં, આ સમયે વાલીઓની મોટી જવાબદારી એ છે કે બાળકોના બાળપણ અને તેમના વાત્સલ્યને સુરક્ષિત કરવા માટે પરસ્પર સંવાદને સતત વધારે અને સામાજિક સંબંધોમાં નવા પ્રાણ ફૂંકવાની કોશિશ કરે.

અમદાવાદના ઘી કાંટા પોસ્ટ ઓફિસ પાસે ૧૦૦ વર્ષ જૂનું મકાન ધરાશાયી

અમદાવાદઃ અમદાવાદમાં ફરી એક વખત મકાનનો કેટલોક ભાગ ધરાશાયી થવાનો બનાવ બન્યો છે. છેલ્લા ઘણા સમયથી વર્ષો જુના મકાનો ધરાશયી થવાનો મામલો સામે આવતો રહે છે.

જયારે આવીજ એક ઘટના ઘીકાંટા વિસ્તારમાં બન્યો હતો. જેમાં ઘી કાંટા પોસ્ટ ઓફિસ પાસે ૧૦૦ વર્ષ જુનું મકાન ધરાશાયી થયુ છે.આ મકાને એ રથયાત્રા રૂટ પર આવેલુ છે.

ત્યાં મકાનનો ભાગ વહેલી સવારે ધરાશાયી થતાની સાથે જ આસપાસના લોકોમાં ફફડાટ જોવા મળ્યો છે.મકાન બંધ હાલતમાં હતુજેથી મોટી જાનહાની ટળી છે.જર્જરિત મકાનને તોડવાની કામગીરી હાથ ધરી છે.

નજરકેદ ફારુક અબ્દુલ્લાની સાથે નેશનલ કોન્ફરન્સના નેતાઓએ મુલાકાત કરી

શ્રીનગરઃ નેશનલ કોન્ફરન્સના નેતાઓએ પૂર્વ મુખ્યમંત્રી અને એનસી અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લા સાથે મુલાકાત કરી. એનસી નેતાઓના ૧૫ સભ્યોના પ્રતિનિધિ મંડળે ફારૂક સાથે શ્રીનગર ખાતેના તેમના નિવાસ સ્થાને મુલાકાત કરી. શિષ્ટ મંડળે ફારૂક અબ્દુલ્લાના પુત્ર ઉમર અબ્દુલ્લા સાથે પણ મુલાકાત કરી. આ અવસરે ફારૂક અબ્દુલ્લા સાથે નેતાઓ તેમના ઘરની છત પર જોવા મળ્યાં. તેમની સાથે પત્ની મૌલી અબ્દુલ્લા પણ જોવા મળ્યાં.

જમ્મુ અને કાશ્મીરમાંથી જ્યારથી કલમ ૩૭૦ હટાવવામાં આવી છે ત્યારબાદથી પૂર્વ મુખ્યમંત્રી પિતા અને પુત્ર નજરકેદ છે. ૮૧ વર્ષના ફારૂક અબ્દુલ્લા શ્રીનગર સ્થિત પોતાના નિવાસ સ્થાને નજરકેદ છે. જ્યારે ઉમર અબ્દુલ્લાને સ્ટેટ ગેસ્ટ હાઉસમાં રાખવામાં આવ્યાં છે.

પાર્ટી પ્રવક્તા મદન મંટૂએ કહ્યું હતું કે શિષ્ટમંડળમાં પાર્ટીના અનેક પૂર્વ ધારાસભ્ય છે.તેમણે વધુમાં કહ્યું કે શિષ્ટમંડળ રાજ્યપાલ સત્યપાલ મલિકને મળ્યું હતું અને તેમની પાસે પાર્ટીના આ બંને વરિષ્ઠ નેતાઓને મળવાની મંજૂરી માંગી હતી. રાજ્યપાલે મંજૂરી આપી.

કોમોડિટી વાયદા બજારના વિરોધમાં આજથી મહેસાણા ગંજબજાર બંધ રહેશે

મહેસાણાઃ કોમોડિટી વાયદા બજારના કારણે એરંડાના ભાવમાં અચાનક જ ગાબડું પડતાં ખેડૂતો અને વેપારીઓને ભારે નુકશાન વેઠવું પડે તેમ હોઈ ઉ.ગુનાં ગંજબજારોમાં વેપારીઓએ વાયદા બજાર સામે વિરોધ ઉઠાવ્યો છે. જેમાં મહેસાણા ગંજબજારના વેપારીઓ પણ જોડાયા છે અને સોમવારથી અચોક્કસ મુદત માટે વેપાર બંધ રાખવાની જાહેરાત કરી છે. હાલમાં એરંડાની કોઈ મોટી આવક પણ નથી થઈ કે મીલો પણ બંધ નથી થઈ ગઈ, આવું કોઈ દેખીતું કારણ ન હોવા છતાં માત્ર કોમોડિટી વાયદા બજાર (સટ્ટા)ના કારણે એરંડાના ભાવમાં અચાનક જ મોટું ગાબડું પડતાં ખેડૂતો અને વેપારીઓને પાયમાલ કરી નાખે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

ઉત્તર ગુજરાતમાં એરંડાનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે ત્યારે મોંઘાં બિયારણ સહિતનો ખર્ચ અને કુદરતની થપાટ વચ્ચે ખેડૂતોને પોષણક્ષમ ભાવ નથી મળી રહ્યા, તો માલ સ્ટોક પડ્યો હોય તેવા વેપારીઓને પણ ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. કોમોડિટીના વાયદા બજારના કારણે અવારનવાર આવી પરિસ્થિતિ ઊભી થતી હોવાથી ઉત્તર ગુજરાતનાં ગંજબજારોના વેપારીઓમાં ભારોભાર રોષ વ્યાપ્યો છે અને કોમોડિટી વાયદા બજાર બંધ કરવાનો સૂર ઉઠ્યો છે.

પોલીસે બંન્ને ભાઈઓની ધરપકડ કરી

રોંગ સાઈડ બાઈક હંકારતા બે સગા ભાઈઓએ પીએસઆઈ પર હુમલો કર્યો

અમદાવાદઃ નરોડા નેશનલ હેન્ડલુમ પાસે રોંગ સાઈડમાં આવતા બાઈક ચાલકને રોકી તેઓને દંડ ભરવાનું કહેતા બાઈક પર સવાર બે સગા ભાઈઓએ પીએસઆઈ પર હુમલો કરી તેનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે બંને ભાઈઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પ્રોબેશન પીએસઆઈ જે જી કામળીયા અને સ્ટાફ નરોડા બેઠક પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા. દરમ્યાનમાં બેઠક ત્રણ રસ્તાથી નેશનલ હેન્ડલુમ તરફ રોંગ સાઈડમાં એક બાઈક પર બે શખ્સ આવ્યા હતા. જેથી પોલીસે તેઓને રોક્યા હતા. નિયમ ભંગ બદલ દંડ ભરવાનું કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. તમે કઈ રીતે દંડ ભરાવો છો જોવું છું. તમારા પટ્ટા ઉતરાવી દઈશ. મારે ટ્રાન્સપોર્ટનો ધંધો છે, ટ્રકથી એક્સિડન્ટ કરી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બંનેએ યુનિફોર્મ પકડી અને ઝપાઝપી કરી હતી. એક યુવકે પીએસઆઈનું ગળું પણ દબાવવાનો પ્રયાસ કર્યો હતો. અન્ય સ્ટાફે બંનેને પકડી પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. પોલીસે અંકિત બલવીરસિંઘ ચૌધરી અને અમિત બલવીરસિંઘ ચૌધરી (બંને. રહે. રતનરાજ સોસાયટી, નાના ચિલોડા)ની ધરપકડ કરી હતી. પોલીસે બંને ભાઈઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પ્રોબેશન પીએસઆઈ જે જી કામળીયા અને સ્ટાફ નરોડા બેઠક પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા. દરમ્યાનમાં બેઠક ત્રણ રસ્તાથી નેશનલ હેન્ડલુમ તરફ રોંગ સાઈડમાં એક બાઈક પર બે શખ્સ આવ્યા હતા. જેથી પોલીસે તેઓને રોક્યા હતા. નિયમ ભંગ બદલ દંડ ભરવાનું કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. તમે કઈ રીતે દંડ ભરાવો છો જોવું છું. તમારા પટ્ટા ઉતરાવી દઈશ. મારે ટ્રાન્સપોર્ટનો ધંધો છે, ટ્રકથી એક્સિડન્ટ કરી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બંનેએ યુનિફોર્મ પકડી અને ઝપાઝપી કરી હતી.

કોલેજિયમે કેન્દ્રના વાંધાને ફગાવ્યો, કર્ણાટક હાઈકોર્ટ માટે ફરી મોકલ્યા ૪ જજના નામ

ન્યુ દિલ્હીઃ જજોની નિયુક્તિ મુદ્દે કેન્દ્ર સરકાર અને સુપ્રીમ કોર્ટ કોલેજિયમ વચ્ચેની ટક્કરનો નવો મામલો છે- કર્ણાટક હાઈકોર્ટમાં ૪ જજોની નિયુક્તિની ભલામણ. કેન્દ્ર સરકારે ૪ નામોને કોલેજિયમને પાછા મોકલ્યા હતા. જેમાં એક વકીલ ભૂ માફિયા અને અંડરવર્લ્ડ સાથે સાંઠગાંઠનો આરોપ છે. જોકે, ઋત્વે (ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા)ની અધ્યક્ષતામાં કોલેજિયમે આ ચાર વકીલોના નામોને લેવા માટે કેન્દ્રના પ્રસ્તાવને ફગાવ્યો છે.

બે દિગ્ગજ નેતાઓએ રાજીનામા આપતા કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ ગુજરાત દોડી આવ્યા

અમદાવાદઃ ગુજરાતમાં પેટા ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં કકળાટ શરૂ થઈ જતાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ ગુજરાતમાં દોડી આવ્યા હતા. પેટા ચૂંટણીની ટિકિટને લઈ જયરાજસિંહ પરમાર અને બદરૂદ્દીન શેખે રાજીનામું આપી દેતાં અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સ્થિતિને સંભાળવામાં નિષ્ફળ જતાં સાતવ ગુજરાત દોડી આવ્યા હતા. અને રાતોરાત બેઠક કરીને દિલ્હી પરત ફરી ગયા હતા. પેટા ચૂંટણી પહેલાં તુટતી કોંગ્રેસને રોકવામાં પ્રમુખ નિષ્ફળ જતા પ્રભારી મેદાનમાં આવ્યા છે. પેટા ચૂંટણીમાં કોંગ્રેસને થતા સંભવિત નુકસાનને રોકવા માટે પ્રભારી રાજીવ સાતવે બેઠક કરી હતી. પ્રભારી રાજીવ સાતવ રાતોરાત અમદાવાદમાં બેઠક કરી દિલ્હી પરત પણ ફરી ગયા હતા. સાતવે કરેલી બેઠકથી ગુજરાતના મોટા નેતાઓને અજાણ રાખવામાં આવ્યા હતા.

રાજીવ સાતવે કેટલાક સિલેક્ટેડ આગેવાનો સાથે બેઠક કરીને માર્ગદર્શન આપ્યું હતું. સાતવે બેઠકમાં પેટાચૂંટણી સુધી કોંગ્રેસને નુકસાન ન થાય તેવું કામ કરવા સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે, પેટા ચૂંટણીમાં ટિકિટને લઈ કોંગ્રેસમાં ઘમાસાણ મચ્યું છે. જયરાજસિંહ પરમારે બાયડ બેઠક પર ટિકિટ ન મળતાં રોષે ભરાયા હતા. તો અમદાવાદના બહેરામપુરાના કોર્પોરેટર બદરૂદ્દીન શેખે આયાતી ઉમેદવારને લઈને રાજીનામું આપ્યું હતું.

PUBLIC NOTICE

NOTICE is hereby given that the below mentioned Sub Broker / Authorised Person is no longer affiliated as Sub Broker / Authorised Person of Kotak Securities Limited.

| Sub Broker/ Authorised Person Name |